

ગાંધીનગર એક એવું શહેર છે જે પૌરાણિક નગર નથી પરંતુ આયોજનબધ્ધ વિકસાવાયેલું શહેર છે. આ શહેર વિકસાવતી વખતે તે હંમેશા ભરપૂર હરિયાળી વનરાજીથી હર્યુંભર્યું રહે તે પ્રમાણે તેનું આયોજન કરાયું હતું. જેના પ્રતાપે શહેરની વનરાજીનું સૌંદર્ય એવું વિકસ્યું છે કે દરેક મૌસમમાં તેના નીત નવાં મનમોહક રૂપ જોવા મળે છે. વસંતઋતુના ટાણે શહેરના ઘેઘુર વૃક્ષો પર ખીલેલા રંગબેરંગી ફુલો એટલા આકર્ષક જણાય છે કે જોનારના મ્હોમાંથી ‘વાહ! અદભૂત!’ એવાં ઉદગાર અનાયાસે નીકળી પડતાં હોય છે.

### નવીન બોર અને ટાંકીના નિર્માણ બાદ

# શહેરી વિસ્તારના ગામોમાં પમ્પીંગ મશીનરી ફીટ કરવાનુ કામ આરંભાયું

**મશીનરી પાછળ અંદાજિત ૨ કરોડનો ખર્ચ : નવી ટાંકી અને સંપના આધારે ગરમીના દિવસોમાં પાણીનો સપ્લાય વધારી દેવાશે : ફરિયાદો હલ થશે**

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરના શહેરી વિસ્તારના ગામોમાં પાણીની સમસ્યાને ડામવા માટે તંત્ર દ્વારા ત્રણ તબક્કામાં કામગીરી કરવામાં આવી છે. અગાઉ પાણીના નવા બોર બનાવાયા બાદ સંપ અને ઓવરહેડ ટાંકીનુ નિર્માણ કરાયુ છે. જયારે હાલ આ નવીન સંપ અને ટાંકીના આધારે પાણીનો સપ્લાય વધારવા માટે પમ્પીંગ મશીનરીનુ કામ હાથ ધરાયુ છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૨ કરોડનો ખર્ચ કરાશે. જેના લીધે આકરી ગરમીમાં પાણીની સમસ્યા પણ હલ થશે તેમ મનાઈ રહ્યુ છે.

શહેરી વિસ્તારના ગામોમાં પાણીની સમસ્યા છેલ્લા ઘણાં સમયથી છે. જયારે આકરી ગરમીના દિવસોમાં પાણીની પોકાર ઉઠાવતા ગ્રામજનો પણ પરેશાન છે. દાયકાઓના અંતે પણ શહેરી વિસ્તારના ગામોમાં માળખાગત સુવિધાઓ હજુ પર્યાપ્ત નથી. જેના લીધે સ્થાનિકોને ડગલે ને પગલે હાડમારી વેઠવી પડે છે. પાણી, ગટર અને રસ્તાના કામો હજુ પણ અધુરા છે. જયારે પાણીની સમસ્યાને ડામવા તંત્ર દ્વારા અગાઉ પાલજ, બાસણ, બોરીજ ધોળાકુવા અને ઈન્દ્રોડા સહીતના ગામોમાં નવો બોર બનાવાયો હતો જયારે બોર બનાવાયા બાદ પાણીની ટાંકી તેમજ સંપનુ પણ નિર્માણ કરાયુ છે. આ ગામોમાં જુની ટાંકીની ક્ષમતા માત્ર એક લાખ લીટરની હતી. જયારે નવી ટાંકીમાં લાખો લીટર પાણી સ્ટોર થઈ શકે તેવી વ્યવસ્થા છે. જયારે હાલ પાણીની ટાંકી તેમજ સંપને અનુલક્ષીને પમ્પીંગ મશીનરી ફીટ કરવાની કામગીરી હાથ ધરાઈ છે. પાલજ , બાસણ બોરીજ, ધોળાકુવા અને ઈન્દ્રોડામાં પમ્પીંગ મશીનરીની કામગીરી પાછળ અંદાજિત રૂ ૨ કરોડનો ખર્ચ કરાશે. જયારે આ પમ્પીંગ મશીનરીનુ કામ માર્ચ મહીનાના અંત સુધીમાં પુર્ણ કરી દેવાશે. જેના અંતે નવી મશીનરીના આધારે પાણીનો સપ્લાય શરૂ કરી દેવાશે. જેથી આકરી ગરમીના દિવસોમાં શહેરી ગામોમાં પાણીની સમસ્યા હલ થશે તેવી આશા પણ બંધાઈ છે.

# પ્રાથમિક શાળાઓમાં ૨૬ માર્ચથી મૂલ્યાંકન કસોટી

**ધો. ૫ થી ૮ માં ૩૫ ટકાથી ઓછા માર્કસ મેળવનાર વિદ્યાર્થીને વર્ગ બઢતી નહિ અપાય**

ગાંધીનગર, તા. ૧

પ્રાથમિક શાળાઓમાં દ્વિતીય સત્રનુ મૂલ્યાંકન કસોટી આગામી ૨૬ માર્ચથી શરૂ થશે અને તે ૮ મી એપ્રિલ સુધી ચાલશે. ૧૦ દિવસ ચાલનાર આ કસોટી માટેની તૈયારીઓ અને માર્ગદર્શક સૂચનાઓ જારી કરી દેવામાં આવી છે. ધો. ૫ થી ૮ માં અભ્યાસ કરતા બાળકોને ૩૫ ટકાથી ઓછા માર્કસ હોય તો વર્ગ બઢતી આપવામાં આવશે નહિ તેવી કડક તાકીદ કરતી સૂચનાઓ આ માર્ગદર્શક સૂચનાઓમાં આપવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે ધો. ૩ અને ૪ ના બાળકોના મૂલ્યાંકન માટે ઉત્તારો પ્રશ્નપત્રમાં જ લખવાના રહેશે. જ્યારે ધો. ૫ થી ૮ના બાળકો માટે અલગ ઉત્તરવહી હશે. આ કસોટીમાં ૧૦૦ ટકા બાહ્ય મૂલ્યાંકન થશે તેમજ અન્ય શાળાના શિક્ષકોને પણ નિરીક્ષણ કાર્ય સોંપવાનું રહેશે. આ કામગીરી જે તે જિલ્લાકક્ષાએ જ કરવાની રહેશે. આ માટેના હુકમો પણ કરવામાં આવશે. ધો. ૬ થી ૮માં એશિયા ખંડનો નકશો આપી તે અંગેના પ્રશ્નો પુછવામાં આવશે. એ જ પ્રમાણે ૬ થી ૮ માં ગણિતમાં આલેખના પ્રશ્નો પણ હશે.

ધો. ૫ થી ૮ નું પરિણામ ૧૫ મી એપ્રિલે જાહેર કરી દેવાશે. જ્યારે ધો. ૧ થી ૪ નું પરિણામ ૧૮ મી એપ્રિલે જાહેર કરાશે.

રાજ્ય સરકારે નવા શૈક્ષણિક સત્ર અંગે કરેલા નિર્ણયની સાથે રાજ્યભરની પ્રાથમિક શાળાઓમાં એક સાથે પરીક્ષાઓ યોજવાનો નિર્ણય કરેલ છે. તેમજ પહેલીવાર ધો. ૫ થી ૮ ના બાળકોને નાપાસ પણ જાહેર કરવામાં આવશે.

# ડિસેમ્બર અંતિત ડિસ્ટ્રીક્ટ હેલ્થ મિશન દ્વારા માત્ર ૬૦ ટકા જ બજેટ વપરાયુ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં ડીસ્ટ્રીક્ટ હેલ્થ મિશન દ્વારા ડિસેમ્બર-૧૯ અંતિત માત્ર ૬૦ ટકા જ ખર્ચ થયો હોવાની વાતને લઈ જિલ્લા આરોગ્ય અધિકારી આર.આર. રાવલે નારાજગી વ્યક્ત કરી હતી.

તાજેતરમાં ડિસ્ટ્રીક્ટ હેલ્થ મિશનની મળેલ બેઠકમાં ૩૧-૩-૨૦૨૦ સુધીમાં મંજૂર બજેટ સામે ૧૦૦ ટકા લક્ષ્યાંક સિદ્ધ થાય તે જોવા માટે પણ જિલ્લા વિકાસ અધિકારીએ ટકોર કરી હતી. તેમણે જેટલો ખર્ચ થયો હોય તેટલા જ ખર્ચના વાઉચર હોવા જોઈએ અને તેનુ ચુકવણુ પણ થયેલુ હોવુ જોઈએ તેમ જણાવ્યુ હતુ.

આઈયુસીડીની કામગીરી તેમજ કુટુંબ કલ્યાણ ઓપરેશનની કામગીરીને સઘન બનાવવા પર તેમણે ભાર મુક્યો હતો.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ચિરંજીવી યોજનામાં ૪૯૪ લાભાર્થી નોંધાયા છે. જનની સુરક્ષા યોજનામાં ડિસે. ૧૯ અંતિત ૨૫૩૬ લાભાર્થી નોંધાયા છે. બાલસખા યોજનામાં ૯૯૬ લાભાર્થી નોંધાયા છે. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત ૧૯૬૦ અને મુખ્યમંત્રી અમૃતમ યોજના અંતર્ગત ૧૨૯૦ લાભાર્થીઓએ લાભ લીધો છે.

નીતિ આયોગ અંતર્ગત ૭+૪ ઈન્ડીકેટરની વિગતવાર ચર્ચાઓ આ બેઠકમાં કરાઈ હતી. આ ચર્ચા દરમ્યાન ડિસે. ૧૯ અંતિત માતા મરણ જે ગત વર્ષની તુલનામાં થોડા વધારે નોંધાયા

# અખંડ, અવિરત અને અવિનાશી પ્રસન્નતા માટે અભિગમ બદલો : જ્ઞાનવત્સલ સ્વામી

**કુતરૂ કરડે તો તરત હોસ્પિટલ જવાય, કુતરાને પથ્થર મારવા ના દોડાય : અર્ક વ્યાખ્યાનમાળામાં પ.પૂ. જ્ઞાનવત્સલ સ્વામીનું વક્તવ્ય**





ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર કલ્ચરલ ફોરમના ઉપક્રમે ‘અર્ક વ્યાખ્યાનમાળા‘ અંતર્ગત આજે બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાનના પરમ પૂજ્ય જ્ઞાનવત્સલ સ્વામીનું વ્યાખ્યાન યોજાયું હતું. ‘પ્રસન્નતા-જીવનનો અર્ક‘ એ વિષય પર પૂજ્ય જ્ઞાનવત્સલ સ્વામીએ રસાળ શૈલીમાં મનનીય વક્તવ્ય આપ્યું હતું. હકડેઠઠ ભરાયેલા કડી કેમ્પસના ખીમજી વિશ્રામ હોલમાં ઉપસ્થિત શ્રોતાઓએ પ્રસન્નતાપૂર્વક જ્ઞાનવત્સલ સ્વામીનું વક્તવ્ય માણ્યું હતું.

સ્વામીએ કહ્યું કે અભિગમો એવા દ્રઢ કરીએ કે ગમે તેવા સંજોગોમાં આપણે પ્રસન્ન રહી શકીએ. પીડાની વચ્ચે પ્રસન્નતા રહે તો જ સાચું જીવન જીવ્યા કહેવાય. વિચારો, વર્તણૂક અને અભિગમથી માણસ પ્રસન્ન રહી શકે. આપણી આસપાસની પરિસ્થિતિ, વ્યક્તિઓ અને વ્યવસ્થા નહીં બદલાય, સંજોગો નહીં બદલાય આપણે આપણું માઈન્ડ સેટ બદલવાનું છે. વિચારો, વર્તણૂક અને અભિગમ રૂપી રેઈનકોટ કે છત્રી રાખીશું તો પીડાની ભીનાશ ઓછી રહેશે.

માણસ જન્મે ત્યારે રડતો હોય છે, આખું જીવન ફરિયાદ કરતાં કરતાં જીવે છે અને પૂર્ણ અસંતોષ સાથે મૃત્યુ પામે છે. ઓકસફર્ડ યુનિવર્સિટીએ આઠ વર્ષ સુધી પાંચ ખંડોમાં સર્વે કર્યો કે જો ભગવાન તમને તક આપે અને આજ જીવન ફરીથી જીવવા મળે તો તમે શું ફેરફાર ઈચ્છો છો ? ૭૦ ટકાથી વધારે લોકોએ કહ્યું કે અમારે અમારા જીવનમાં ૯૦ ટકા ફેરફાર કરવો છે. અભ્યાસ કહે છે કે આપણે સંતોષકારક જીવન નથી જીવતા.

ઓસ્ટ્રેલિયાની નર્સ બ્રોનીવેરના પુસ્તક ‘ધ ફાઈવ રિગ્રેટસ ઓફ ડાઈંગ’ને ટાંકીને પરમ પૂજ્ય જ્ઞાન વત્સલ સ્વામીએ કહ્યું કે મૃત્યુશય્યા પર પડેલા વ્યક્તિઓનો પહેલો અફસોસ એ હતો કે મેં પૃથ્વી પર ગધેડાની જેમ આટલું બધું કામ શા માટે કર્યું ? બીજો અફસોસ એ હતો કે જેમને મારા પ્રત્યે પ્રેમ અને આદર હતો અને મને જેમના પ્રત્યે પ્રેમ અને આદર છે એવા પરિવાર સાથે મેં વધારે સમય કેમ ન વિતાવ્યો ? ત્રીજો અફસોસ એ હતો કે, હું મારી પસંદગીની જીંદગી ન જીવી શક્યો.. મારે મારી પસંદગીનું જીવન જીવવું જોઈતું હતું પરંતુ લોકો મને કેવી રીતે ઓળખે એ રીતે હું જિંદગી જીવ્યો. આવી પરિસ્થિતિમાં પ્રસન્નતા કેવી રીતે પ્રાપ્ત થાય ?

પરમ પૂજ્ય જ્ઞાનવત્સલ સ્વામી એ પ્રસન્નતા માટે ૪૦+૩૦+૨૦+૧૦ની ફોર્મ્યુલા આપી હતી. તમે નક્કી કરેલા કાર્યો અને તમે ઈચ્છેલા સંબંધોમાં તમારી ઈચ્છા પ્રમાણે ન થાય તો તમારી પ્રસન્નતા ટકી શકતી નથી. આવા સમયે આ ફોર્મ્યુલા યાદ રાખવા જેવી છે. ૪૦ ટકામાં તમારી ઈચ્છા પ્રમાણે કાર્યો થાય છે અને તમારા સંબંધોમાં તમારી ઈચ્છા પ્રમાણે બધું સચવાય છે. ૩૦ ટકા કાર્યો અને સંબંધો એવા હોય છે જેને તમારે એક્સ્ટ્રા એનર્જી અને પરિશ્રમપૂર્વક સફળ બનાવવા પડે છે. ૨૦ ટકા કાર્યો અને સંબંધો બગડવા માટે જ સર્જાયેલા હોય છે. એ સ્વીકારી લો, એ માટે કોઈ સ્ટ્રેસ ના લો તો પ્રસન્નતા ટકશે. કોઈ સંબંધોમાં ૬ મહિના પ્રયત્ન કર્યા પછી પણ સુધારો ન થાય તો ભગવાનની ઈચ્છા એમ સમજીને, જે તે વ્યક્તિનું કલ્યાણ થાય એવી પ્રાર્થના કરીને તેનો ફોન નંબર તમારા ફોનમાંથી ડીલીટ કરી નાખો. જેથી પ્રસન્નતા ક્યારેય ખંડિત નહીં થાય. તમારા ૧૦ ટકા કાર્યો અને સંબંધો નિષ્ફળ થવા માટે જ સર્જાયા હોય છે. આ વાસ્તવિકતાનો સ્વીકાર કરી લો. કોઈપણ પ્રવૃત્તિ કે કોઈપણ સંબંધોને તમે

● અનુસંધાન પાના - ૭ પર



શહેરમાં તડબૂચનું આગમન

# મને એકલો પાડવાના પ્રયાસ થાય છે : નીતિન પટેલ

**નીતિન પટેલે ઉમિયા કાર્યક્રમમાં નિવેદન કર્યું : નીતિન પટેલના ગર્ભિત ઈશારાથી ફરી એકવાર રાજકારણ ગરમાયુ : એકબાજુ હું બીજી બાજુ તમામ : નીતિન પટેલ**

અમદાવાદ,તા. ૧

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ તેમના એક નિવેદનને લઈ ફરી એકવાર ચર્ચામાં આવ્યા છે. વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના અમદાવાદમાં યોજાયેલા માં ઉમિયાના કાર્યક્રમ દરમ્યાન નીતિન પટેલે બહુ ચોંકાવનારું અને સરકાર સામે ગર્ભિત ઈશારો કરતું નિવેદન કર્યું હતું કે, મને એકલો પાડવાના પ્રયાસ થઈ રહ્યાં છે. એકબાજુ હું એકલો છુ અને બીજીબાજુ બધા છે. નીતિન પટેલના આ નિવેદનને લઈ ગુજરાતના રાજકારણમાં એક નવો વિવાદ સર્જાયો છે, જેની રાજકારણમાં ભારે ચર્ચા ચાલી રહી છે. ગુજરાતના નાયબ મુખ્યમંત્રી ફરી એકવાર તેમના આખા બોલા નિવેદનને લઈ ચર્ચાનું કેન્દ્ર બન્યા છે. તાજેતરમાં જ અમદાવાદમાં યોજાયેલા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના માં ઉમિયાના શિલાન્યાસ કાર્યક્રમ વખતે નાયબ મુખ્યમંત્રીએ નિવેદન આપ્યું છે કે મને એકલો પાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. પરંતુ સમયની સાથે હું યાદ આવી જ જાઉં છું. કારણ કે માં ઉમિયાના મારા પર આશીર્વાદ છે. તમે ટીવી અને ન્યુઝપેપરમાં જોતા જ હશો કે એક બાજુ હું એકલો અને બીજી બાજુ બધા છે. હું જયાં પહોંચ્યો છું, અહી એમ જ નથી પહોચાતું. ઘણાં મને ભુલાવવાનો પ્રયત્ન કરે છે પરંતુ નીતિનભાઈ ભૂલતા નથી. આ લોહી કોનું છે, તમારા સાથ સહયોગથી ફકત કાર્યકર તરીકે બોલુ છું. નીતિન પટેલના આ વ્યંગ અને માર્મિક ટકોરને લઈ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌકોઈમાં હાસ્યનુ મોજુ ફરી વળ્યું હતું, તો ગુજરાતના રાજકારણમાં ખાસ કરીને સરકારના વર્તુળમાં ગરમાવો આવી ગયો હતો. અમદાવાદના જાસપુર ખાતે ૪૩૧ ફૂટ ઉંચા વિશ્વના સૌથી ઊંચા વિશ્વ ઉમિયાધામ મંદિરના શિલાન્યાસ કાર્યક્રમમાં નીતિન પટેલ ખાસ હાજર રહ્યા હતા અને પોતાના પ્રાસંગિક પ્રવચન દરમ્યાન એક તબક્કે સરકારમાં બેઠેલાઓને ગર્ભિત અને માર્મિક ટકોર કરતાં જણાવ્યું હતું કે, આજે હું તમારા બધાના સહયોગથી બોલું છું અને એક પક્ષના કાર્યકર તરીકે બોલું છું. બધી જગ્યાએ મને જે યાદ આવવાનું હોય તે આવી જ જાય. કારણ કે માં ઉમિયાના મારા પર આશીર્વાદ છે.

# રાજયસભાની ચૂંટણીને પગલે ભાજપ-કોંગ્રેસમાં ભારે સળવળાટ

**ભાજપની રણનીતિથી પરેશાન કોંગ્રેસ દ્વારા સભ્યોને બચાવવા પ્રયાસો : રાજયસભા ચૂંટણી યોજાય તે પહેલાં સૌરાષ્ટ્રના સાત ધારાસભ્યોને કોંગ્રેસમાંથી ખેંચી લાવવા ભાજપની વ્યૂરચના**

ગાંધીનગર, તા.૧

ગુજરાતની રાજયસભાની ચૂંટણી પહેલા ભાજપના ટાર્ગેટ પર કોંગ્રેસના સાત ધારાસભ્યો છે કારણ કે, કોઈપણ ભોગે ભાજપ ત્રણ બેઠક કબજે કરવા માગે છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ભાજપ દ્વારા કોંગ્રેસના જે ધારાસભ્યોને તોડવાની વ્યૂહરચના ગોઠવાઈ છે, તેમાંથી મોટાભાગના કોંગ્રેસના ધારાસભ્ય સૌરાષ્ટ્રના હોવાની જોરદાર ચર્ચા શરૂ થઈ છે. કોંગ્રેસના ધારાસભ્યોને ભાજપમાં લાવવાની જવાબદારી એક મંત્રીને સોંપાઈ છે. મૂળ કોંગ્રેસના અને હાલ મંત્રી બનેલાને જવાબદારી સોંપાઈ છે. તો, આ સાત ધારાસભ્યો પૈકી ત્રણ ધારાસભ્ય એક સમાજના અન્ય બે ધારાસભ્યને મંત્રી મંડળમાં સ્થાન આપવાની પણ ચર્ચાએ જોર પકડ્યુ છે. જ્યારે બે ધારાસભ્યોને બોર્ડ નિગમમાં ચેરમેન તરીકે

● અનુસંધાન પાના - ૭ પર

# કુડાસણ પાસે પાણીની મેઈન પાઈપ લાઈનમાં ભંગાણ

**સે.૧૫થી ૩૦માં પાણી ધીમા ફોર્સથી આવશે**

ગાંધીનગર, તા.૧

કુડાસણ પાસે પાણીની મેઈન પાઈપલાઈમાં ફોલ્ટ ઉભો થતાં ગાંધીનગર શહેરના સે. ૧૫થી ૩૦માં પાણીનો ફોર્સ ધીમો રહેશે તેમ શહેરના મેયર રીટાબેન પટેલે જણાવ્યું છે.

તેમણે જણાવ્યું છે કે, કામ હાલ ચાલુ છે અને જે ક્ષતિ થઈ હતી તે દુરસ્ત કરી દેવામાં આવી છે. પાણીનો ફોર્સ ઓછો હશે પણ જરૂર પડ્યે પાણી આપવાનો સમય વધારી પણ આપવામાં આવશે તેવી તંત્રએ તૈયારી દર્શાવી હોવાનું પણ તેમણે ઝણાવ્યું છે.


ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ફ્લેટ વેચવાનો છે
સરગાસણ ક્રોસ રોડ પર
1 BHK ફ્લેટ વેચવાનો છે
સંપર્ક
૭૮૭૪૨૪૬૫૪૬
દલાલ આવકાર્ય છે

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાઘે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com